પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૯૬ • કુલ પાના : ૪ • તારીખ : ૧૪-૦૪-૨૦૨૨ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## યુક્રેન પર હુમલા વિશે રશિયા વિરુદ્ધ એક શબ્દ ના બોલવાને કારણે જર્મની ભારતને જી-૭ મીટિંગથી દૂર રાખવાનો પ્રયત્ન કરે એવી શક્યતા

### આ વર્ષે ગેસ્ટ લિસ્ટમાં સેનેગલ, દક્ષિણ આફ્રિકા અને ઈન્ડોનેશિયા સામેલ થાય એવી શક્યતા, ભારત જી-૭ દેશોનું સભ્ય દેશ ના હોવા છતાં એમાં ભાગ લે છે




નવીદિલ્હી,

યુક્રેન-રશિયા વિરુદ્ધ છેલ્લા દોઢ મહિનાથી યુદ્ધ ચાલી રહ્યું છે. આ દરમિયાન નાટો સહિત ઘણા દેશોએ રશિયાનો વિરોધ કર્યો છે. અમેરિકાએ તો રશિયા પર વેપાર સહિત ઘણા પ્રતિબંધો પણ લગાવ્યા છે, પરંતુ આ સમગ્ર સમય દરમિયાન ભારતે ક્યારેય રશિયાનો વિરોધ કર્યો નથી કે પુતિન વિરુદ્ધ કોઈ મત આપ્યો નથી. જોકે ભારતે તેના આ વર્તનની આગામી સમયમાં લાંબી કિંમત ચૂકવવી પડે એવું લાગે છે. યુક્રેન પર હુમલા વિશે રશિયા વિરુદ્ધ એક શબ્દ ના બોલવાને કારણે જર્મની ભારતને જી-૭ મીટિંગથી દૂર રાખવાનો પ્રયત્ન કરે એવી શક્યતા છે. બ્લૂમબર્ગ સાથે જોડાયેલાં સૂત્રો દ્વારા આપવામાં આવેલા રિપોર્ટમાં આ વિશે દાવો કરવામાં આવ્યો છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, જી-૭ મીટિંગમાં જર્મની સેનેગલ, દક્ષિણ આફ્રિકા અને ઈન્ડોનેશિયાને ગેસ્ટ તરીકે સામેલ કરવાનો વિચાર કરવામાં આવી રહ્યો છે. જોકે આ ગેસ્ટ લિસ્ટ યુક્રેન યુદ્ધ પહેલાં તૈયાર કરવામાં આવ્યું હતું, જેમાં ભારત પણ સામેલ હતું, પરંતુ હવે આ લિસ્ટમાં ફેરવિચારણા કરવામાં આવી રહી છે. જોકે આ દરમિયાન અમુક મીડિયા રિપોર્ટમાં જર્મન સરકાર તરફથી દાવો કરવામાં આવ્યો છે કે ભારત વિશે આવો કોઈ વિચાર નથી.

સંયુક્ત રાષ્ટ્રમાં રશિયાને માનવાધિકાર પરિષદથી બહાર કરવાનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવના વોટિંગમાં ભારત સહિત ૫૦ દેશે અંતર રાખ્યું છે. આ સિવાય ભારતે રશિયા પર કોઈ પ્રતિબંધ લગાવ્યા નથી. આટલું જ નહીં, ભારત રશિયામાંથી મોટે પાયે તેલની ખરીદી પણ કરી રહ્યું છે. ભારતે રશિયા પાસેથી હથિયારોની ખરીદી પણ ચાલુ રાખી છે. તાજેતરમાં જ જી-૪૦૦ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમની ખરીદી પણ ભારતે રશિયા પાસેથી કરી છે.

બ્લૂમબર્ગ સાથેની વાતચીતમાં જર્મન સરકારના પ્રવકતા સ્ટેફેન હેબેસ્ટ્રેટે કહ્યું હતું કે ટૂંક સમયમાં જ જી-૭નું ગેસ્ટ લિસ્ટ ફાઈનલ કરી દેવાશે. તેમણે કહ્યું હતું કે અમારા ચાન્સેલરે વારંવાર કહ્યું છે કે જર્મનીના વધુમાં વધુ આંતરરાષ્ટ્રીય ભાગીદારો રશિયા વિરુદ્ધ પ્રતિબંધો લગાવે. ભારત સરકાર તરફથી આ વિશે હજી સુધી કોઈ પ્રતિક્રિયા આવી નથી. જોકે જર્મની પોતે જ યુક્રેન અને પોલેન્ડની નિંદાનો ભોગ બની રહ્યું છે.

જર્મની સતત તેલ અને ગેસની આયાત રશિયાથી કરી રહ્યું છે. જર્મની સહિત યુરોપિયન ઘણા દેશો રશિયા પર આધારિત છે. આ વિશે ભારતીય વિદેશમંત્રી જયશંકરે નિવેદન પણ આપ્યું હતું. ભારત રશિયાથી તેલની આયાત કરે છે એ વિશે જ્યારે દુનિયાના વિવિધ દેશોએ સવાલ ઊભા કર્યા ત્યારે જયશંકરે કહ્યું હતું કે અમે જેટલી આયાત એક મહિનામાં કરીએ છીએ એટલી આયાત યુરોપ એક દિવસમાં કરી લે છે.સંયુક્ત રાજ્ય અમેરિકા, યુનાઈટેડ કિંગ્ડમ,કેનેડા, ઈટલી, જર્મની અને જાપાન જેવા સાત સૌથી વિકસિત દેશો આ ગ્રુપના ૭ના સભ્ય છે. વર્ષ ૧૯૭૩માં આવેલા તેલ સંકટ અને વૈશ્વિક આર્થિક મંદીના કારણે એ સમયના રાષ્ટ્રપતિ બૈલેરી જિસ્કોર્ડ ડી એસ્ટેઈંગે આ સંગઠનની શરૂઆત કરી હતી. ત્યારે આ છ દેશની સંગઠનની પહેલી બેઠક ૧૯૭૫માં આયોજિત કરવામાં આવી હતી. માનવાધિકારોની સુરક્ષા, લોકતંત્ર, કાયદો અને વ્યવસ્થા, સતત વિકાસ અને સમૃદ્ધી જેવા મુદ્દા પર કામ કરતા આ સંગઠનમાં ૧૯૭૬માં કેનેડાને પણ સામેલ કરવામાં આવ્યું હતું. છેલ્લાં ૪૯ વર્ષથી દરેક વર્ષે જી૭ સમિટનું આયોજન કરવામાં આવે છે.

૨૦૨૦માં આયોજિત કરવામાં આવેલી જી-૭ સમિટમાં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સહિત ઓસ્ટ્રેલિયા, સાઉથ કોરિયા અને રશિયાને આ સમિટમાં સામેલ કરવાનો પ્રસ્તાવ કર્યો હતો. તેમણે આ સંગઠનને જી-૭માં જી-૧૦ અથવા જી-૧૧ કરવાનો પ્રસ્તાવ આપ્યો હતો. ટ્રમ્પનું માનવું હતું કે દુનિયાની અર્થવ્યવસ્થામાં ભારતનું ઘણું યોગદાન છે, તેથી ભારતને આ સંગઠનમાં સામેલ કરવું જોઈએ. એ ઉપરાંત ભારતે આગામી વર્ષોમાં અર્થવ્યવસ્થા વધારીને ૫ ટ્રિલિયન ડોલર કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે, તેથી પણ તે જી-૭ દેશોમાં સામેલ થઈ શકે છે, જેથી ભારતીય ઉદ્યોગોને યુરોપીય બજારોનો પણ લાભ મળી શકે.

#### કયા દેશોને આ ગ્રુપમાં સામેલ કરવામાં આવે છે

જી-૭માં જે દેશો સામેલ છે એ ઘણા મુદ્દે દુનિયામાં પહેલા ક્રમે સ્થાન ધરાવે છે. આ ગ્રુપમાં સામેલ દેશોની વિશેષતા આ પ્રમાણે છે:,- જી-૭ દેશ દુનિયાના સૌથી મોટા નિકાસકાર હોય છે.,- આ દેશો પાસે સૌથી વધુ ગોલ્ડ રિઝર્વ હોય છે.,- આ દરેક સાત દેશ દુનિયામાં સૌથી મોટા સ્તર પર પરમાણુ ઊર્જાનું ઉત્પાદન કરે છે.,- વર્ષ ૨૦૧૮ સુધી જી-૭માં સામેલ દેશોની કુલ સંપત્તિ ૩૧૭ ટ્રિલિયન ડોલર (૩૧,૭૦૦,૦૦૦ કરોડ ડોલર) હતી, જે વિશ્વની કુલ સંપત્તિની ૫૮ ટકા છે.,- ગ્લોબલ જીડીપીમાં જી-૭ દેશોનો હિસ્સો ૪૬ ટકા કરતા પણ વધારે છે.

## પાલનપુરમાં હજારો ખેડૂતો પાણીની માંગ સાથે રસ્તા પર ઉતર્યાં, કલેકટરને આવેદનપત્ર આપ્યું




પાલનપુર,

બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં ફરી એકવાર પાણી માટે જળ આંદોલન થયું છે. પાલનપુર તાલુકાના મલાણા ગામનું તળાવ ભરવાની માંગ સાથે આજે ૫ હજાર મહિલા પશુપાલકો તેમ જ ખેડૂતો સહિત ૧૦ જેટલા લોકોએ ૫ કિલોમીટર લાંબી પગપાળા રેલી યોજી પાલનપુર શહેરમાં જય જવાન જય કિસાનના નારા સાથે પાણી માટે માંગ ઉગ્ર બનાવી કલેકટરને આવેદનપત્ર આપી તાત્કાલિક ધોરણે તળાવ ભરવાની માંગ કરી છે.

ભારતીય કિસાન સંઘના નેજા હેઠળ આજે પાલનપુર તાલુકા ૫૦ ગામોની ૫ હજાર મહિલા પશુપાલકો તેમજ મોટી સંખ્યામાં ખેડૂતો પાણીની સમસ્યા મામલે પાલનપુરના બિહારી બાગ ખાતે એકઠા થયા હતા અને ત્યાંથી ૫ હજાર મહિલા પશુપાલકો અને ખેડૂતો સહિત ૧૦ હજાર જેટલા લોકોએ હાથમાં બેનરો લઈને ૫ કિમી લાંબી પદયાત્રા કરી ‘પાણી આપો પાણી આપો’ની માંગ કરી વિશાળ રેલી યોજી કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. વિવિધ નારાઓ લગાવી કલેક્ટર કચેરી ગુંજવી હતી.

ખેડૂતોની માંગ છે કે છેલ્લા કેટલાય સમયથી સરકાર પાસે ખેડૂતો પાણી માટેની માંગ કરી રહ્યા છે. પરંતુ તે માટે કોઈ નક્કર પગલાં ભરવામાં આવતા નથી. અગાઉ ખેડૂતોએ પદયાત્રા કરી ટ્રેક્ટર રેલી યોજી આવેદનપત્ર આપ્યું હતું. પરંતુ તે બાદ જે કાર્યવાહી થવી જોઈએ તે નથી થઈ. જેથી આજે મહિલા પશુપાલકો પાણીની માંગ સાથે રસ્તા પર ઉતરી છે. મહિલાઓની એક જ માંગ છે કે પાણી આપો. પાલનપુર પંથકમાં સિંચાઈનું પાણી નથી અને હવે પીવાના પાણીની પણ તકલીફ ઊભી થઈ છે. જેથી હવે પશુપાલન માટે પણ હવે પાણી નથી. સરકાર ખેડૂતોની સમસ્યાને વાચા આપી પાણીની વ્યવસ્થા કરે. જો સરકાર તેમની માંગ નહીં સ્વીકારે તો આગામી સમયમાં આનાથી પણ ઉગ્ર આંદોલન થશે. અને મહિલા પશુપાલકો અને ખેડૂતો પોતાના પશુઓ સાથે સરકારી કચેરીએ આવશે અને તેનો ઘેરાવો કરશે, જેની જવાબદારી સરકારની રહેશે. અને જરૂર પડશે તો ગાંધીનગર પહોંચી ઉગ્ર આંદોલન કરવાની મહિલાઓએ ચીમકી ઉચ્ચારી છે.

પશુપાલક મહિલા હીનાબેન ચૌધરીએ જણાવ્યું કે, સરકાર અમને પાણી આપે જો નહિ આપે તો અમે અમારા પશુઓ સાથે સરકારી કચેરી આવીશું અને ઉગ્ર આંદોલન કરીશું. પાણી વગર ખેતી તો થતી નથી, પણ હવે અમારા પશુઓ માટે પાણી નથી. અમારે કેવી રીતે જીવવું અમને કોઈપણ ભોગે પાણી આપવામાં આવે.

ભારતીય કિસાન સંઘના નેજા હેઠળ આજે પશુપાલક મહિલાઓ તેમજ ખેડૂતોની આજે રેલી યોજાઈ. અગાઉ પણ પાલનપુર તાલુકાના ખેડૂતો તળાવ ભરવાની માંગ સાથે આંદોલન કરી ચૂક્યા છે. આજે ફરી એકવાર ખેડૂતો શાંતિપૂર્વક રસ્તા પર ઉતર્યા છે. ત્યારે જો હજુ પણ પાણી માટેની માંગ નહીં સ્વીકારાય તો આનાથી પણ ઉગ્ર આંદોલન કરવાની તેમજ આગામી વિધાનસભા ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરવાની ખેડૂત આગેવાનો ચીમકી ઉચ્ચારી રહ્યા છે તેવુ સંઘના આગેવાન માવજીભાઈ લોહે જણાવ્યું. તેમણે કહ્યુ કે, અમારી પાણી માટેની માંગ નહીં સ્વીકારે તો આગામી સમયમાં સરકારે ભોગવવું પડશે.

## મેરઠના વિક્ટોરિયા પાર્ક અગ્નિકાંડ કેસમાં ૧૬ વર્ષ બાદ વળતર અંગે સુપ્રીમનો આદેશ





નવીદિલ્હી,

મેરઠના વિક્ટોરિયા પાર્ક અગ્નિકાંડ કેસમાં મોટો નિર્ણય આવ્યો છે. કોર્ટે અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને ઉચિત વળતર આપવા માટે એડીજી રેંકના અધિકારીની નિમણૂક કરવાનો આદેશ આપ્યો છે. વર્ષ ૨૦૦૬માં થયેલા આ ભીષણ અગ્નિકાંડમાં ૬૫ લોકોના દર્દનાક મોત થઈ ગયા હતા જ્યારે, ૮૧ લોકો ગંભીરરૂપે દાઝી ગયા હતા. આ અકસ્માત બાદ મૃતકોના પરિવારજનોએ પ્રશાસન વિરુદ્ધ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો.

એ યાદ રહે કે મેરઠ સ્થિત વિક્ટોરિયા પાર્કમાં ૧૦ એપ્રિલ, ૨૦૦૬ના રોજ લાગેલા ઉપભોક્તા મેળામાં ભીષણ આગ લાગી ગઈ હતી. ૩ દિવસ સુધી ચાલનારા આ મેળાના છેલ્લા દિવસે આ અકસ્માત થયો હતો. જે સમયે આગ લાગી એ વખતે મેળામાં લગભગ ૩ હજાર લોકો ઉપસ્થિત હતા. જે વખતે આગ લાગી એ વખતે આગ પર કાબૂ મેળવવા માટે કોઈ સામાન ઉપસ્થિત નહોતો. જોતજોતામાં આગ ફેલાતી ગઈ અને આખો પંડાલ આગના ગોળામાં બદલાઈ ગયો. આ અગ્નિકાંડ એટલો ભયાનક થઈ ગયો કે ઘણા પરિવારોની જિંદગીઓ બરબાદ થઈ ગઈ.

પત્ની સાથે મેળામાં ગયેલા મનોજ મિશ્રા, રાકેશ ગિરધર અને રાકેશ ખટ્ટર જણાવે છે કે પ્લાસ્ટિકનો પંડાલ પિગળીને આગના ગોળો બનીને પડી રહ્યો હતો. લોકો જીવ બચાવવા માટે મુખ્ય દરવાજા તરફ ભાગી રહ્યા હતા. આગની જ્વાળાઓથી ઘેરાયેલા કેટલાક લોકો કોઈક રીતે બહાર નીકળી આવ્યા અને જમીન પર પડી ગયા. કેટલાક તો પોતાને બચાવવા માટે છાણના ઢગલામાં ભરાઈ ગયા. મેળા પરિસર બહાર શહેરના લોકો પણ એકત્ર થઈ ગયા જેનાથી જેટલી મદદ થઈ શકતી હતી બધાએ કરી પરંતુ, કેટલાક માટે ઘણું મોડું થઈ ચૂક્યું હતું. મનોરંજન પાર્કના રહેવાસી નરેશ તાયલ જણાવે છે કે, શવોની ઓળખ કરવી મુશ્કેલ હતી. સળગેલા શરીર જોઈને એ ફરક કરી શકતા નહોતા કે પૂતળા છે કે પછી માણસ.

અકસ્માત બાદ લોકોનો પ્રશાસન પર ગુસ્સો ફૂટી પડ્યો. કહેવામાં આવે છે કે મેળામાં આગ પર કાબૂ મેળવવા માટે કોઈ સંશાધન ઉપલબ્ધ નહોતા એટલે સમય રહેતા આગ પર નિયંત્રણ મેળવી શકાયું નહીં જેથી આગ ફેલાતી જ ગઈ. લોકોએ પ્રશાસન વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી. પરિવારજનોએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને ૨૦-૨૦ લાખ રૂપિયા વળતર તરીકે આપવાની માંગણી કરી હતી, જેના પર મંગળવારે સુનાવણી કરતા કોર્ટે આદેશ આપ્યો છે કે મૃતકોના પરિવારજનોને ઉચિત વળતર માટે ADG રેંકના અધિકારીની નિમણૂંક કરવામાં આવે.

## WHO ના વડા અને મોરેશિયસના પ્રધાનમંત્રી રાજકોટ આવશે મોદીની હાજરીમાં ભવ્ય રોડ-શો યોજાશે

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફરી ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાન આગામી ૧૯ એપ્રિલે જામનગરના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે ત્યારે એ પહેલા ૧૮ એપ્રિલના રોજ મોરેશિયસના વડાપ્રધાન પ્રવિંદ જગન્નાથ રાજકોટમાં રોડ-શો યોજશે. રાજકોટ જિલ્લા ભાજપના પ્રમુખ મનસુખ ખાચરિયાએ જણાવ્યું કે મોરેશિયસના પીએમ પ્રવિંદ જગન્નાથના રોડ-શોને લઈને તૈયારીઓ ચાલી રહી છે.

તેમની સાથે વિશ્વ આરોગ્ય સંસ્થાના વડા પણ ઉપસ્થિત રહેશે. તેઓ રાજકોટથી બાય રોડ જામનગર જશે તેમ મનસુખ ખાચરિયાએ જણાવ્યું હતું.ડબ્લ્યુએચઓના વડા અને મોરેશિયસના પ્રધાનમંત્રી રાજકોટ આવશે. ૧૯ તારીખે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જામનગરના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ૧૮ એપ્રિલે રાજકોટમાં મોરેશિયસના પ્રધાનમંત્રી પ્રવિંદ જગન્નાથનો રાજકોટમાં રોડ-શો યોજશે જેમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના વડા પણ આ રોડ શોમાં ઉપસ્થિત રહે તેવી શકયતા સેવાઈ રહી છે.

## ઉત્તર-પશ્ચિમ ભારત ગરમીથી બેહાલ, મદુરાઈમાં વરસાદથી હવામાન ખુશનુમા

નવીદિલ્હી,

ઉત્તર ભારતના ઘણા ભાગોમાં જ્યાં ભીષણ ગરમીથી લોકો બેહાલ છે ત્યારે બીજી તરફ તમિલનાડુ, પૂણેમાં બદલાયેલા હવામાનથી લોકોને રાહત મળી છે. તમિલનાડુમાં સાંજે થયેલા વરસાદના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. વળી, પૂણેની વાત કરીએ તો અહીં ધોમધખતા તાપમાં વાદળોએ રાહત આપવાનુ કામ કર્યુ છે. પૂણેમાં ૬ એપ્રિલ બાદથી જ પારો ઘણો વધી ગયો છે. અહીં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ચૂક્યુ છે પરંતુ મંગળવારે વાદળોએ લોકોને થોડી રાહત જરુર આપી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૧૭ એપ્રિલ સુધી પૂણેમાં વાદળો રહેશે અને તાપમાન પણ એક કે બે ડિગ્રી સુધી ઓછુ થઈ શકે છે. હવામાન વિભાગે પૂણેના વૈજ્ઞાનિક અનુપમ કશ્યપીએ કહ્યુ કે તમિલનાડુ અને કેરળમાં આંશિક વાદળો છવાયેલા રહેશે. દક્ષિણના પવનોના કારણે પારો ગગડશે અને ભેજ વધશે. ગયા સપ્તાહની વાત કરીએ તો પૂણેમાં પારો ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયો હતો. મંગળવારે શિવાજીનગરમાં પારો ૩૮.૧ ડિગ્રી સેલ્સિયસ પહોંચી ગયો હતો. પશાન, લોહેગાંવ, લાયલેમાં પણ પારો ૩૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો હતો.

અનપમે જણાવ્યુ કે આગામી ચોવીસ કલાક વાદળો આકાશમાં રહેશે ત્યારબાદ ગુરુવારે પણ આંશિક વાદળો જોવા મળશે કે જે ૧૭ એપ્રિલ સુધી રહેશે માટે આપણે કહી શકીએ કે અહીં ગરમીથી અમુક રાહત મળી શકે છે અને પારો ૧-૨ ડિગ્રી નીચે જઈ શકે છે. વિદર્ભ, મરાઠવાડાની વાત કરીએ તો અહીં પારો ઘણો વધી ગયો છે. લોકોના ગરમીથી હાલ બેહાલ છે. અહીં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયુ છે. મંગળવારે અકોલમાં ૪૩ ડિગ્રી સુધી પારો પહોંચી ગયો હતો.

## બોંઈગ ઉડાડવા પર ૯૦ પાયલોટ પર પ્રતિબંધ, ફરી ટ્રેનિંગ લેવાના નિર્દેશ

નવીદિલ્હી,

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ)એ બોઈંગ ૭૩૭ એમએએક્સ ઉડાડવાથી ૯૦ પાઈલોટ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. આ પાઈલટોને ડીજીસીએના સંતોષ માટે ફરીથી તાલીમ લેવી પડશે. ડીજીસીએના મહાનિર્દેશક અરુણ કુમારે કહ્યું કે આ તમામ પાઈલટોને બોઈંગ ઉડાડતા પહેલા પુનઃ તાલીમ લેવી પડશે.

ડીજીસીએ દ્વારા આ પગલું સિમ્યુલેટર તાલીમમાં વિસંગતતાઓ વિશે જાણ્યા પછી લેવામાં આવ્યું છે. તેમણે આ ૯૦ પાઈલટ્સની તાલીમ પ્રોફાઈલનું નિરીક્ષણ કર્યું હતું. ક્ષતિઓ પ્રકાશમાં આવ્યા પછી, તેમણે કહ્યું કે સમગ્ર પાયલોટ તાલીમ પણ તપાસ હેઠળ છે. આટલી મોટી સંખ્યામાં પાઈલોટ્સને એરક્રાફ્ટ ઓપરેટ કરતા અટકાવ્યા બાદ એરલાઈન્સમાં ખળભળાટ મચી ગયો છે. ખરેખર, સ્પાઈસજેટ ૧૧ બોઈંગ એરક્રાફ્ટનું સંચાલન કરે છે. આને ઉડાડવા માટે ૧૪૪ પાયલોટની જરૂર પડે છે. જોકે, સ્પાઈસજેટના પ્રવક્તાએ જણાવ્યું હતું કે બોઈંગ ૭૩૭ મેક્સ પર ૬૫૦ પ્રશિક્ષિત પાઈલટમાંથી ૫૬૦ હજુ પણ ઉપલબ્ધ છે. તેથી તેના ઓપરેશનને વધુ અસર નહીં થાય.

## ખાદ્યતેલો, તેલીબિયાની સંગ્રહાખોરી પર ત્રણ રાજ્યોમાં કેન્દ્રની ટીમ ત્રાટકી

નવીદિલ્હી,

ખાદ્ય તેલો અને તેલિબિયાના વધતા ભાવોને નિયંત્રણમાં રાખવા સંગ્રહાખોરી પર લગામ લગાવવા કેન્દ્ર સરકારની ટીમે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં દરોડા પાડ્યા હતા. સંગ્રહાખોરોના કારણે ખાદ્યતેલના ભાવમાં વધારો થયો છે.

ખાદ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે મધ્યપ્રદેશના દેવાસ, શાનીપુર અને ગુના જિલ્લામાં દરોડા દરમિયાન સોયાબીન અને સરસવ દાણાનો સંગ્રહ દરોડા દરમિયાન ઝડપાયો હતો.અહીં અનેક વેપારીઓએ સરકાર દ્વારા સ્વીકૃત સીમાથી વધુ સોયાબીન તેમજ સરસવનો સંગ્રહ કર્યો હતો.

મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં પણ નિર્ધારિત સીમા કરતા વધુ ખાદ્યતેલનો સંગ્રહ બહાર આવ્યો હતો. ઉપરાંત યુપી, બંગાળ, તેલંગાણા,ગુજરાત અને નવી દિલ્હી ખાતે પણ આ મામલે ખાસ ટીમ મોકલાઈ છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પી. એમ. રાઠવા

મુ. વેડ, તા.હાલોલ, જી. પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જે. આર. જાદવ

મુ. સાથરોટા, તા.હાલોલ, જી. પંચમહાલ

### લુણાવાડા નગર સેવા સદન
### ઈ-નિવિદા નં-૪૩૩ સને-૨૦૨૨-૨૩

આઇ.ડી.નં.

ચીફ ઓફિસરશ્રી, નગર સેવા સદન, લુણાવાડા ૩૮૯૨૩૦, ફોન નં.૦૨૬૭૪ ૨૫૦૦૦૬ દ્વારા નામદાર સરકારશ્રી દ્વારા મંજુર થયેલ નલ સે જલ પ્રોજેકટ કામો માટે ઇ–ટેન્ડરીંગ પધ્ધતિથી ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂ.૮૩૫.૧૭ લાખ (૨) એજન્સીની પાત્રતા–ઠેકેદારશ્રીઓનું રજીસ્ટ્રેશન યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ હોવું જોઇએ. તથા ટેન્ડર ડોકયુમેન્ટમાં રાખેલ જોગવાઇ મુજબ (૩) ઓનલાઇન ટેન્ડર ટેકનીકલ બીડ ભરવાની છેલ્લી તારીખ ૦૨/૦૫/૨૦૨૨ (૧૮.૦૦ કલાક સુધી) (૫) ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ટેન્ડરમાં દર્શાવિલ દસ્તાવેજો રજુ કરવાનો સમયગાળો તારીખ–૦૨/૦૫/૨૦૨૨ થી તારીખ ૧૨/૦૫/૨૦૨૨ દરમ્યાન રજીસ્ટર પોસ્ટ એડીથી મોકલવાની રહેશે. (૬) બાનાની રકમ માટે બાના મુકિત પ્રમાણપત્ર સ્વિકારવામાં આવશે નહી. વધુ વિગતો http//nprocure.com વેબસાઇટ પરથી મેળવી શકાશે. ઓનલાઇન ટેન્ડરમાં જણાવેલ દસ્તાવેજો ઓનલાઇન ટેકનીકલ બીડમાં મુકવાના રહેશે તેમજ તે તમામ દસ્તાવેજો ફીઝીકલ બીડ સાથે રજીસ્ટર પોસ્ટ એડીથી સમયમર્યાદામાં મોકલવાના રહેશે અને ઓનલાઇન સ્કેન કરી મુકેલ દસ્તાવેજો જ માન્ય ગણાશે અને તે મુજબના દસ્તાવેજો ફીઝીકલ બીડમાં મુકેલ હશે તે જ માન્ય રહેશે. ટેન્ડરને મંજુર કે ના મંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રી પાસે અબાદીત રાખેલ છે.

(દિપસિંહ હઠીલા) ઈ.ચા.મુખ્ય અધિકારી લુણાવાડા

(ભાવનાબેન જે. મહેતા) પ્રમુખ નગરપાલિકા લુણાવાડા

માહિતી/ગોધરા/૪૦/૨૦૨૨

જા.નં.બાં.શાખા/વશી/
લુણાવાડા નગરપાલિકા કચેરી
લુણાવાડા, જી.મહીસાગર
તારીખ : ૧૧/૪/૨૦૨૨

### જાહેર નિવીદા નં.૪૩૫/૨૦૨૧-૨૨

આથી સીવીલ બાંધકામ વિભાગનું સરકાર માન્ય ‘E-1’ કલાસ તથા તેનાથી ઉપરનું રજીસ્ટ્રેશન ધરાવતા સ્થાનિક ઈજારદારોને જણાવવાનું કે ૧૫ % વિવેકાધીન જોગવાઈ સને.૨૦૨૧–૨૨ તથા સ્વભંડોળમાંથી લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં લઘુત્તમ રૂા.૬૭,૮૧૦–તથા મહત્તમ રૂા.૧,૩૦,૬૭૫.૦૦ મર્યાદાના એકંદર ૫ (પાંચ) કામો કે જે એનેક્ષ્ચર–એ માં વિગતવાર દર્શાવી સ્થાનિક સરકારી ઓફીસોમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે અંગે ટેન્ડરો માંગવામાં આવેલ છે તો રસ ધરાવતા ઈજારદારોએ રજીસ્ટ્રેશનની કોપી, તાજી કરાવેલ બેંક સોલવંશી (કેલેન્ડર વર્ષ ૨૦૨૧–૨૨), પાનકાર્ડની કોપી તથા જીએસટી રજીસ્ટ્રેશનની કોપી સહીત લેટરપેડ પર અરજી કરી ટેન્ડર ફી ભરી ચાલુ કામકાજના દિવસોમાં કોરા ટેન્ડરો આગામી તા.૨૦/૦૪/૨૦૨૨ સુધીમાં મેળવી લેવાં. તથા ભરેલ ટેન્ડરો આગામી તા.૨૬/૦૪/૨૦૨૨ ને ૪.૦૦ કલાક સુધીમાં મુખ્ય અધિકારીશ્રી નગરપાલિકા લુણાવાડાની ફેવરની અર્નેસ્ટમની ડીપોઝીટ (રાષ્ટ્રીયકૃત બેંક) અથવા નગરપાલિકાની પહોચ સહીત મળી જાય તે રીતે રજી.પોસ્ટ એડી થી બંધ કવરમાં કવર ઉપર કામનું નામ લખી નીચે સહી કરનાર સત્તાધિકારીને મળી જાય તે રીતે મોકલી આપવા. મુદત બહાર આવેલ ટેન્ડરો ઉપર દ્યાન આપવામાં આવશે નહી.

ઈ.ચા.મુખ્ય અધિકારી લુણાવાડા

(પ્રમુખ) નગરપાલિકા લુણાવાડા

માહિતી/ગોધરા/૩૯/૨૦૨૨

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર નગરના બસ સ્ટેશન વિસ્તારમાં આડેધડ વાહનો પાર્કીંગના કારણે ટ્રાફિક સમસ્યા વિકટ બની


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરના બસ સ્ટેશન વિસ્તારમાં ગોધરા ભાગોળ અને લુણાવાડા રોડ રોડ ઉપર જ બેફામ ફોર વ્હીલ અને ટુ વ્હીલ વાહનો રોડ ઉપર જ મૂકી દેવાના કારણે ટ્રાફિક સમસ્યા વધી જાય છે. સંતરામપુર નગરના છેલ્લા ઘણા સમયથી સૌથી મોટો પ્રશ્નો અને માથાનો દુખાવો બન્યો છે. કાયદાઓ અને વ્યવસ્થા જળવાતું નહીં દુકાનદારો અને શાકભાજીના હાથલારીવાળા, પાથારાવાળા બોર્ડ દરેક વસ્તુ રોડ ઉપર મૂકીને મૂકવાથી ટ્રાફિક સમસ્યા વધતી જાય છે. અવર જવર કરતા વાહનચાલકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. કલાકો સુધી વાહનો બહાર નીકળી શકતા નથી અને અતિભારે વાહનો બાયપાસનો ઉપયોગ કરવાના બદલે બજારમાં થઈને જતા તેના કારણે પણ ટ્રાફિક સમસ્યા વધતી જાય છે. નગરપાલિકા અને પોલીસ તંત્રની બેદરકારીના કારણે આજે નગરની પ્રજા ભોગવી રહેલી કે ઉત્તમ પ્રકારનું ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ લાવવા તૈયાર નથી. ગોધરા ભાગોળ વિસ્તારના અને લુણાવાડા રોડના આડેધડ રોડ ઉપર જ વાહનો પાર્ક કરી દેવામાં આવે છે, પરંતુ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી જ નથી. જ્યારે બીજી બાજુ કેટલાક લોકો રોડ ઉપર બાંધકામનો રેતી કપચી મટીરીયલ્સ રોડ પર નાખવાથી ટ્રાફિક સમસ્યા વધતી જાય છે. સંતરામપુર નગરપાલિકા ઘણા સમયથી શાકમાર્કેટનું અને ફેરિયાઓ માટે નું કોઈ આયોજન કરવા તૈયાર નથી. સૌથી મોટી ટ્રાફિક સમસ્યાનું જવાબદાર ગણાતું હોય તો નગરપાલિકા સંતરામપુરમાં ટ્રાફિક સમસ્યાનું કારણ સૌથી મોટી નગરપાલિકા છે. ફોટો પ્રકારનું ધ્યાન આપવા તૈયાર નથી.

# લીમખેડામાં છોકરી ભગાડી જવાના મુદ્દે ૨૦ ઈસમોના ટોળા દ્વારા યુવકના ઘર ઉપર હુમલો

લીમખેડા,
દાહોદ જિલ્લાના લીમખેડા નગરમાં છોકડી ભાગી જતાં છોકરી પક્ષના અંદાજે ૨૦ જેટલા ઈસમોના ટોળાએ યુવકના ઘરે તથા તેના સગાસંબંધીઓ તેમજ આસપાસમાં રહેતાં અન્ય સમાજના ઘરે ટોળાઓ મારક હથિયાર સાથે ઘસી આવી ઘરમાં તોડફોડ સહિત વાહનોની તોડફોડ કરી તેમજ એક વ્યક્તિનું અપહરણ કરી તેને ગોંધી રાખી માર મારી તેમજ અન્ય વ્યક્તિઓને પણ માર મારી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે લીમખેડા પોલીસ મથકે આ મામલે લેખિતમાં અરજદાર દ્વારા અરજી પણ કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. સતત બે – ત્રણ દિવસથી ટોળા દ્વારા ગામમાં આવી ધિંગાણું મચાવતાં કેટલાંક ઘરોના લોકો ડરના માર્યે ફળિયામાંથી પલાયન થઈ ગયાં હોવાનું પણ જાણવા મળી રહ્યું છે ત્યારે અરજદાર દ્વારા અરજીમાં જણાવ્યાં અનુસાર, માથાભારે ઈસમો રાજકીય વગર ધરાવતાં હોવાનું તેમજ બુટેગરોની છાપ ધરાવતાં હોવાનું પણ જણાવ્યું હતું ત્યારે સમગ્ર મામલે પોલીસ કેવા પ્રકારનું રૂખ ધારણ કરશે તે જોવાનું રહ્યું.

લીમખેડા નગરમાં રહેતાં લીલાબેન બાબુભાઈ ભરવાડ દ્વારા લીમખેડા પોલીસ મથકે આપેલ અરજીમાં જણાવ્યાં અનુસાર થોડા દિવસો અગાઉ લીમખેડા તાલુકામાં રહેતી એક યુવતી એક છોકરા સાથે ભાગી ગઈ હતી. આ મામલાની અદાવત રાખી છોકરી પક્ષના ભીમજીભાઈ મોરારભાઈ ભરવાડ, રતીલાલ હીરાભાઈ, જીજ્ઞેશભાઈ ઉર્ફે ગેંદાલ ભરતભાઈ અને તેમની સાથે અન્ય ૧૦ થી ૧૫ જેટલા ઈસમોના ટોળાએ છોકરી ભાગી ગઈ તેના બીજા દિવસે પોતાના કબજાની ફોર વ્હીલરોમાં ટોળું મારક હથિયારો સાથે, કીકીયારીઓ કરી લીમખેડાના ભરવાડ ફળિયામાં આવ્યાં હતાં અને માથાભારે ટોળાએ લીલાબેનના ઘર તથા તેની આસપાસના ઘરોમાં ઘુસી જઈ તોડફોડ કરી હતી અને પશુઓને પણ માર મારી નુકસાન પહોંચાડ્યું હતું ત્યાર બાદ નજીકમાં અર્જુનભાઈ કચરાભાઈ ભરવાડના ઘરે પણ ટોળુ પહોંચ્યું હતું અને અલ્કેશભાઈને દોડાવી દોડાવીને માર મારી બળજબરીપુર્વક પોતાની ગાડીમાં ખેંચી લઈ અપહરણ કરી લઈ ગયાં હતાં અને પંચેલા ગામે રહેતાં ભીમજીભાઈ ભરવાડના ઘરમાં લઈ જઈને ગોંધી રાખી ગડદાપાટ્ટુનો માર માર્યો હતો. ત્યાર બાદ કેટલાંક માણસોને મોકલી અલ્કેશભાઈને પરત લાવ્યાં હતાં. આ મામલો ત્યાં ન થોભતાં તારીખ ૧૧મી એપ્રિલના રોજ પણ ટોળું ફરી મારક હથિયારો સાથે ફરી આવ્યાં હતાં ઘરના કાચ, દરવાજા તોડી નુકશાન પહોંચાડી ભારે ધિંગાણું મચાવી, આજે તો તમે બચી ગયાં છો, તમને આ ગામમાં રહેવા દેવાના નથી, તેવી ધાકધમકી આપી નાસી ગયાં હતાં અને ગામમાં ભયનું વાતાવરણ ઉભુ કરતાં કેટલાંક ફળિયાના લોકો પોતાના ઘર છોડી અન્ય સ્થળે પલાયન પણ થઈ ગયાં હતાં.

અરજદાર લીલાબેન બાબુભાઈ ભરવાડના જણાવ્યાં અનુસાર, ઉપરોક્ત ધિંગાણું મચાવનાર માથાભારે ઈસમો રાજકીય વગર ધરાવે છે અને બુટલેગરો પણ હોવાનું અરજીમાં ઉલ્લેખ કર્યો છે. ત્યારે ઉપરોક્ત ટોળા વિરૂધ્ધ પોલીસ કાયદેસરની કાર્યવાહી કરે તેવી અરજી લીમખેડા પોલીસ મથકે આપવામાં આવી છે.

## લીમખેડા આશ્રમ શાળા નજીક નદીમાં મુકેલ સબમર્સીબલ મોટરની ચોરી

લીમખેડા,
દાહોદ જિલ્લાના લીમખેડા નગરમાંથી અજાણ્યા ચોર ઈસમોએ એક આશ્રમ શાળા નજીક નદીમાં મુકેલ રૂા.૧૨,૫૦૦ની કિંમતની સબ મર્શીબલ મોટરની ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

ગત તા.૦૫ એપ્રિલના રોજ કોઈ પણ સમયે લીમખેડા નગરમાં ધાનપુર રોડ પર આવેલ ભીલ સેવા મંડળ સંચાલિત કુમાર આશ્રમની નજીક આવેલ નદીમાં સબમર્શીબલ મોટર મુકી હતી. આ સબ મર્શીબલ મોટરને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે આશ્રમ શાળામાં ફરજ બજાવતાં હિતેશભાઈ સુકાભાઈ ભાભોરે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં દાહોદનાં ખરોડ ખાતે યોજાનારા કાર્યક્રમમાં નાગરિકોને મોટી સંખ્યામાં સહભાગી થવા અપીલ કરતા સાંસદ



દાહોદ,
પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તા. ૨૦ એપ્રીલે દાહોદની મુલાકાતે આવશે. પ્રધાનમંત્રીના દાહોદનાં ખરોડ ખાતે યોજાનારા કાર્યક્રમ સંદર્ભે જિલ્લાના સરપંચઓ અને પદાધિકારીઓ માટે એક દિવસીય માર્ગદર્શન કાર્યક્રમ સાંસદ જસવંતસિંહ ભાભોરના અધ્યક્ષસ્થાને પંડિત દીનદયાલ ઓડિટોરીયમ ખાતે યોજાયો હતો.

આ અવસરે સરપંચઓ તેમજ પદાધિકારીઓને માર્ગદર્શન આપતા જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, પધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જયારથી દેશની શાસનધૂરા સંભાળી છે ત્યારથી દેશ અનેક ક્ષેત્રોમાં વિકાસના નવસોપાનો સર કરી રહ્યો છે. એટલું જ નહી દેશે વિશ્વમાં પણ આગવી ઓળખ ઉભી કરી છે. ત્યારે દાહોદમાં પણ પ્રધાનમંત્રી કરોડોના વિકાસકાર્યોની ભેટ આપશે તેમજ પ્રારંભ કરાવશે.

તેમણે ઉમેર્યું કે, સરપંચ એ ગામનો માલીક છે. ગામના વિકાસમાં સરપંચોની ભૂમિકા મહત્વની છે. ત્યારે આગામી તા. ૨૦ એપ્રીલે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાનારા કાર્યક્રમમાં સરપંચો સહિત ગ્રામજનો પણ મોટી સંખ્યામાં સહભાગી થાય.

કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ પણ પ્રધાનમંત્રીના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનારા નાગરિકો માટે તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવી હોવાનું જણાવી નાગરિકોને કાર્યક્રમમાં પધારવા આમંત્રણ આપ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ પ્રધાનમંત્રીના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સૌને ભાવભીનું આમંત્રણ પાઠવ્યું હતું.

જિલ્લા પંચાયતના પ્રમુખ શીતલબેન વાઘેલાએ પણ આ પ્રસંગે જિલ્લાના નાગરિકો મોટી સંખ્યામાં સહભાગી થવા અપીલ કરી હતી.

દાહોદ નગરના પંડિત દીનદયાલ સભાગૃહ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ, અગ્રણી સુધીરભાઈ લાલપુરવાળા, પદાધિકારીઓ તેમજ સરપંચઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

## મહીસાગર જિલ્લામાં ARTO લુણાવાડા ખાતે નવા ટુ વ્હિલર તથા ફોર વ્હિલર વાહનોના ફેન્સી નંબરોની ઓનલાઈન હરાજી શરૂ કરવામાં આવશે

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં નવા રજીસ્ટર થતા ટુ વ્હિલર (મોટર સાઈકલ) અને ફોર વ્હિલર વાહનોના બાકી રહેલ ફેન્સી નંબરની ઓનલાઈન હરાજી શરૂ કરવામાં આવનાર છે. જેમાં ટુ વ્હીલરમાં જીજે ૩૫ જે, જીજે ૩૫ કે અને જીજે ૩૫ એલ તથા ફોર વ્હીલરમાં જીજે ૩૫ એચ અને જીજે ૩૫ એન સીરીઝ છે. જેમાં ૦૦૦૧ થી ૯૯૯૯ સુધીમાં બાકી રહેલ ગોલ્ડન તથા સીલ્વર (ફેન્સી) તેમજ પંસદગીના નંબરો મેળવવા માટેની ઓનલાનઈ અરજી તા.૨૩/૦૪/૨૦૨૨ થી તા.૨૫/૦૪/૨૦૨૨ દરમ્યાન કરી શકાશે. તથા તા.૨૬/૦૪/૨૦૨૨ થી ૨૭/૦૪/૨૦૨૨ દરમ્યાન ઓનલાઈન ઓક્શન (હરાજી) માં ભાગ લઈ શકાશે. તો ઈચ્છા ધરાવનાર વાહન માલિકો તેમના નવા વાહનો માટે પસંદગીનો નંબર લેવા માગતા હોય તો ઓનલાઈન પ્રક્રિયા અરજદારે પોતે જ વેબસાઈટ https://vahan.parivahan.gov.in/fancy પર કરવાની થાય છે. તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી લુણાવાડા–મહિસાગરની એક અખબારીયાદીમાં જણાવાયું છે.

## દાહોદ નગરાળા ખાતે વડાપ્રધાનના આગમનને લઈ બેઠકનું આયોજન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ તાલુકામા નગરાળા ફાર્મ હાઉસ ખાતે બપોરે ૧ કલાકે ૨૦/૦૪/૨૦૨૨ને બપોરે ૩ કલાકે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દાહોદ જિલ્લામાં પધારવાના હોઈ સંખ્યાના આયોજન માટે મોટીખરજ, બાવકા જિલ્લા પંચાયત સીટની બેઠક કરવામાં આવી. જેમાં પ્રદેશ ભાજપ મહામંત્રી ભાર્ગવભાઈ ભટ્ટ, જિલ્લા ભાજપ મહામંત્રી કનૈયાલાલ કિશોરી, જિલ્લા પંચાયત પક્ષના નેતા કરણસિંહ ડામોર, મોટીખરજ જિલ્લા પંચાયત સભ્ય મહેન્દ્રભાઈ ભાભોર, તાલુકા પંચાયત સભ્યો, સરપંચો, સંગઠનના હોદેદારો, બુથપ્રમુખો હાજર રહ્યા.


આ સંમેલનમાં અખિલ ભારતીય સંત સમિતિના પૂજ્ય સંતસ્વામી મહારાજ અને ગુજરાત રાજસ્થાન મધ્યપ્રદેશના ૨૦૦ જેટલા સંતો અને વિશાળ સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. પ્રસંગ હતો છોટા રણુજા ધામ સંજેલી ખાતે વિવિધ દેવી દેવતાઓની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાનો, અલખ ધણી રામદેવજીના આ મંદિરે ભગવાન વિષ્ણુના નવ અવતારો ની મુર્તિઓ પ્રતિષ્ઠિત કરવામાં આવશે અને આ મંદિર તબક્કાવાર નવ માળ સુધી લઈ જવામાં આવશે પંચમહાલ દાહોદની સાંસ્કૃતિક પરંપરા ટીમલી નૃત્ય થી પૂજ્ય સંતો અને ભાવિક ભક્તોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.


હાલોલ વિધાનસભા મત વિસ્તારમાં વાઘવાણી ગામમાં વિધાનસભાનું સંગઠન મજબૂત બનાવાના આયોજનના ભાગરૂપે મીટીંગ રાખવામાં આવી. આ મીટીંગમાં યુવા સંગઠન મંત્રી ગુજરાત પ્રદેશ ભરત રાઠવા, હાલોલ વિધાનસભા પ્રભારી અર્જૂનસિંહ બારીયા, છોટાઉદેપુર લોકસભા પ્રભારી રાહુલ શર્મા ઉપસ્થિત રહ્યા. તેમજ મહામંત્રી પ્રવીણભાઈ રાઠવા, મહામંત્રી મુક્તિબેન જાદવ, વીસાલ જાદવ, રાજેશભાઈ પરમાર તેમજ ઘોઘંબા હાલોલ જાંબુઘોડાના કાર્યકરો આ મીટીંગમાં ઉપસ્થિત રહ્યા હતા.

## નેતા બનવુ હોય તો પ્રજાના દિલમાં વસવું પડે અને વિકાસ કામો કરવા પડે : દંડક રમેશભાઈ કટારા


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,
દાહોદ જિલ્લામાં ૨૦ એપ્રિલે વડાપ્રધાન આદરણીય નરેન્દ્ર મોદી પાંચ જિલ્લાના સામૂહિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર છે. જેને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વહીવટી તંત્ર દ્વારા જનમેદની એકત્ર કરવા માટે વહીવટીતંત્રને કામગીરી સોંપી દેવાઇ છે. તેમજ ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ દરેક વિસ્તારોમાં આર્થિક કાર્યકર્તાઓ સાથે બેઠકો કરવામાં આવી રહી છે અને કાર્યક્રમ અંતર્ગત જરૂરી સૂચનાઓ આપવામાં આવી રહી છે. ગુજરાત સરકારના દંડક અને ફતેપુરા વિધાનસભાના ધારાસભ્ય રમેશભાઈ કટારા દ્વારા પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કાર્યક્રમને લઇ કાર્યક્રમ બાબતે જરૂરી સૂચનો માટે મિટીંગો કરવામાં આવી રહી છે. બુધવારના રોજ સુખસર થી સંજેલી કડવાળ અને કંબોઈ ખાતે કાર્યકર્તાઓ સાથે મિટિંગ યોજાઈ હતી. તેમજ જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ સાંસદ જશવંતસિંહ ભાભોર, જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આંબલીયાર, મહામંત્રી નરેન્દ્રભાઈ સોની, પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા, પૂર્વ ડી.આઇ.જી બી.ડી વાઘેલા, તાલુકાના પ્રમુખો મહામંત્રીઓ વિવિધ મોરચાના કાર્યકર્તાઓ જિલ્લા શીટ પ્રમાણે બેઠકો કરવામાં આવી હતી. અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમ બાબતે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ દિવસ રાત એક કરીને કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાય તે બાબતે સુચારૂ આયોજન કરવામાં આવી રહ્યું છે. જનમેદનીની લઈ જવા માટે એસટી બસ તેમજ ખાનગી વાહનોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

## કોરોના પહેલા થી ચાલતી નેત્ર સારવાર સેવા પુનઃ શરૂ થાય છે



દાહોદ,
દ્રષ્ટિ નેત્રાલય ચાકલીયા રોડ દાહોદ ખાતે સોમવાર થી શનિવાર કાયમી ધોરણે શરૂઆત દરરોજ સવા ૮.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી તે અંતરગત દૈનિક ધોરણે ગરીબ દર્દી ઓને મફત નિદાન અને તપાસ સુવિધ આધાર કાર્ડ લાવવા થી દ્રષ્ટિ નેત્રાલય, જી.આઈ.ડી.સી, ચાકલિયા રોડ, દાહોદ ઉપલબ્ધ થશે.

આ સેવા અંતરગત આંખની બિમારીનું નિદાન અને સારવાર કુશળ ડોકટર્સ અને ટેકનીશીયનની ટીમ દ્વારા આધુનિક સાધન સુવિધાયુકત દ્રષ્ટિ નેત્રાલય હોસ્પિટલમાં કરવામાં આવશે. તેમાંથી જરૂર જણાયેલ ગરીબ અને નબળા વર્ગના દર્દીઓને નિયત આપેલ તારીખે ઓપરેશન કરી આપવામાં આવશે. તો આપ સૌને ગરીબ દર્દીઓને લાભ અપાવવા માટે વિનંતી. કેમ્પ માંથી તારીખ આપેલ દિવસે ઓપરેશનવાળા દર્દીઓને ઓઢવાનું તેમજ સગાને સાથે લાવવું જરૂરી છે. ઓપરેશનના દિવસે આવો ત્યારે દર્દીએ રાશન કાર્ડ તેમજ આધારકાર્ડ અથવા બી.પી એલ કાર્ડ દાખલો લાવવો જરૂરી છે. ડો.શ્રેયાબેન શાહ દ્વારા કેમ્પના કાર્યમાં સાથ સહકાર તેમ નિદાન કેમ્પની જાણકારી તમારી આસપાસ અડોશી પડોશી તેમજ ગામમાં સોસાયટીમાં આપી દ્રરિદ્રનારાયણની સેવામાં મદદરૂપ થવા અપીલ કરવામાં આવે છે.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : પરિવારના સહયોગથી કાર્ય સરળ બનશે, સમાજ કુટુંબમાં માન-સન્માન મળશે, જૂના મિત્રોની મુલાકાતથી મન પ્રસન્ન રહે, નોકરી-ધંધામાં અનુકૂળતા જણાય.

વૃષભ (બ.વ.ઉ.) : આકસ્મિક ધનલાભની સંભાવના પ્રબળ બને, ધંધામાં લાભ-આર્થિક સદ્ધરતા મળે, વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સમય છે, પારિવારિક શાંતિ જળવાય.

મિથુન (ક.છ.ઘ.) : આર્થિક સ્થિતિ મજબૂત બને, પરિવારમાં સારા કામનું આયોજન થાય, સંપત્તિ, વાહન ખરીદવાના યોગ બને, અગત્યના કાર્યોમાં અનુકૂળતા જણાય.

કર્ક (ડ.હ.) : વડીલોના આશીર્વાદથી કામ સફળ બને, પરિવારમાં વાતાવરણ આનંદમય રહે, નવી વસ્તુઓ ખરીદવાથી લાભ થાય, સુખ-સમૃદ્ધિમાં વૃદ્ધિના યોગ જણાય.

સિંહ (મ.ટ.) : નવા કામકાજની શરૂઆતથી લાભ થાય, પોતાની મહેનત-પરિશ્રમમાં ધ્યાન આપવું, પ્રયાસ કરવાથી કાર્યમાં સફળતા મળે, જમીન જાયદાદ સંપત્તિમાં વડીલોની સલાહ લેવી.

કન્યા (પ.ઠ.ણ.) : પોતાની જાતને ઓળખો-સફળતા મળશે, આવકના નવા દ્વાર ખુલશે, સંતાનો માટે મહત્વના નિર્ણયો લેવાય, પારિવારિક શાંતિ જળવાય.

તુલા (ર.ત.) : આર્થિક સ્થિતિ મજબૂત બને, ધંધામાં ધનલાભની સંભાવના, મિત્રો પરિવારથી ઉત્તમ સહયોગ, વિદ્યાર્થીઓ માટે અનુકૂળતા વધે.

વૃશ્ચિક (ન.ય.) : કામકાજમાં જવાબદારી વધે, વ્યવસાયિક નિર્ણયોમાં લાભ થાય, દામ્પત્ય જીવન આનંદમય રહે, ધાર્મિક કાર્યોમાં રુચિ વધે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : રાજકાજમાં વિજયની સંભાવના પ્રબળ બને, સાહસ પરાક્રમથી સફળતા મળે, નોકરીમાં પ્રગતિ ઉત્તમ પદપ્રાપ્તિની સંભાવના, ધંધામાં ધીમી ગતિએ લાભ જણાય.

મકર (ખ.જ.) : સંતાનોના પ્રશ્નોમાં રાહત અનુભવાય, જમીન-વાહન લેવા માટે સારો સમય, પરીક્ષાલક્ષી કાર્યોમાં સફળતા મળે, માતા-મોસાળથી ઉત્તમ સ્નેહ મળે.

કુંભ (ગ.શ.સ.ષ.) : શત્રુપક્ષે સાવધાની જરૂરી છે, વિવાદિત કાર્યોથી દૂર રહેવું, ભાઈભાંડુ વડીલવર્ગથી લાભ થાય, મુસાફરીના યોગો જણાય છે.

મીન (દ.ચ.ઝ.થ.) : મનગમતા કાર્યોમાં વિશેષ ધ્યાન આપો, પરિવારમાં વાણી દ્વારા કલેશ જણાશે, ધન સંબંધી ચિંતાઓ હળવી થશે, સ્વાસ્થ્ય બાબતે સંભાળવું.

# લીમખેડામાં ગૌચર તથા માલિકી સર્વે નંબરોમાં મકાનો અને બાંધકામના આક્ષેપ સાથે APMC ચેરમેન, ઈન્સ્પેકટર અને સરપંચ સહિત ૮ વિરૂદ્ધ લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ

દાહોદ,
લીખેડામાં ગૌચર તથા માલિકી સહિત વિવિધ સર્વે નંબરોમાં મકાનોનું પાકું બાંધકામ કરી દેવા બદલના આક્ષેપો સાથે લીમખેડા એપીએમસીના ચેરમેન, ઈસ્પેક્ટર અને લીમખેડા ના સરપંચ સહિત એક જ પરિવારના કુલ આઠ સભ્યો વિરૂદ્ધ લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ નોંધાવવા માટે લીમખેડાના જુદા જુદા ત્રણ અરજદારોએ લેખિતમાં રજૂઆત કરતાં રાજકીય મોરચે ખળભળાટ મચી ગયો છે.

લીમખેડામાં આવેલા ૩૪/૧ પૈકી ૧ વાળી સરકારી પડતર વાળી જમીનમાં સવિતાબેન નારૂભાઈ ડામોરની માલિકીની જમીન વેચાણ આપવાથી શરત ભંગ થતા આ જમીન સરકારી પડતર હેડે ચાલતી હોઈ જેમાં બજાર સમિતિના ચેરમેન ધનાભાઈ લાલજીભાઈ ભરવાડ, સરપંચ દિનેશભાઈ ભરવાડ, ભરત ધના, કોકીલાબેન ભરત, યોગેશ અમારા, દિવ્યેશ નારણ, તેમજ કિસાન મોરચાના કોષાધ્યક્ષ ભીમજી ધના, રાકેશ ધના સહિતના ઈસમો દ્વારા શૌચાલયનો કુવો તથા રિલાયન્સ કંપનીનો ટાવર અને આ જમીનમાં ત્રણ બહુમાળી મકાનો બનાવી દઈને ગેરકાયદેસર રીતે કબજો કરી બાંધકામ કરેલ હોવા સામે ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ ૨૦૨૦ અંતર્ગત ગુનો દાખલ કરવા માટે અરજદાર સવિતાબેન નારૂભાઈ ડામોરે જિલ્લા સમાહર્તાને લેન્ડ ગ્રેબીંગની અરજી કરી ગુનો દાખલ કરવા માંગ કરી છે.

લીમખેડામાં આવેલા ૫૪/બ પૈકી વાળી જમીનમાં સત્તાધારી ઈસમોના મેળાપીપણામાં પોતે જમીન વિહોણા અને ઘર વિહોણા હોવાનું રેકોર્ડ ઉપર બતાવીને સરકારને ગેરમાર્ગે દોરીને એક જ પરિવારના ઈસમોએ સો ચોરસવાર ઘરથાળના ઘરવિહોણાના ૩ પ્લોટો ફાળવી દેવામાં આવ્યા હતા. ઘરથાળના ત્રણ પ્લોટોમાં વેપાર–ધંધાના હેતુ માટે બહુમાળી મકાન બનાવવાનું કામ ચાલુ કરેલ છે અને સરકાર દ્વારા ફાળવવામાં આવેલી જમીન કરતા વધુ જમીનમાં બાંધકામ કરીને દબાણ કર્યુ હોવાના આક્ષેપો સાથે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન ધનાભાઈ લાલજીભાઈ તેમજ લીમખેડાના સરપંચ દિનેશ ધના ઉપરાંત બજાર સમિતિના ઈસ્પેક્ટર ભરત ધના, ભીમજી ધના, રાકેશ ધના, યોગેશ અમરા, દિવ્યેશ નારણ સહિતના ૭ શખ્સો વિરૂદ્ધ લેન્ડ ગ્રેબિંગ હેઠળ ગુનો દાખલ કરવા માટેની રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત ૩૪ પૈકી ખેતીની માલિકીની જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરીને તમામ શખ્સોએ ૭ ગુંઠા જેટલી જમીનમાં ગેરકાયદેસર કમ્પાઉન્ડ વોલ તેમજ પાયો ખોદીને મકાન બાંધકામ શરૂ કરી દઈને દબાણ કર્યું છે. તો લીમખેડાના સરપંચ દિનેશભાઈ ભરવાડ દ્વારા સર્વે નંબર ૫૩ પૈકી ૧ માં મકાનનું બાંધકામ કરીને દબાણ કરતા અરજદાર સોનલબેન બાદલભાઈ બારીયા દ્વારા લેન્ડ ગ્રેબીંગ હેઠળ ગુનો દાખલ કરવા માટે લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. આમ જુદાજુદા ત્રણ અરજદારો દ્વારા લીમખેડાના સરકારી ગૌચર અને ખાનગી માલિકીની જમીનમાં દબાણ કરવા બાબતનાં આક્ષેપો કરીને એકજ પરીવારના સભ્યો વિરૂદ્ધ દાહોદ જિલ્લા કલેકટરને લેન્ડ ગ્રેબિંગ હેઠળ ગુનો દાખલ કરવા માંગ સાથે લેખિતમાં રજૂઆત કરી છે.


ગુજરાત સરકાર
આઝાદી નો અમૃત મહોત્સવ



# સંવિધાનના શિલ્પકાર, વંચિતોના પ્રેરણા સ્ત્રોત ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરને જન્મજયંતિ પર શત્-શત્ નમન

## વર્ષ 2021–22 અનુસૂચિત જાતિ માટે ઉત્કર્ષનું વર્ષઃ

- શૈક્ષણિક યોજનાઓ માટે ₹615.10 કરોડનો ખર્ચ.
- આર્થિક ઉત્કર્ષની યોજનાઓ માટે ₹72.07 કરોડનો ખર્ચ.
- આરોગ્ય, ગૃહ નિર્માણ અને અન્ય યોજનાઓ માટે ₹110.90 કરોડનો ખર્ચ.
- ''ડૉ. આંબેડકર આવાસ યોજના'' હેઠળ લાભાર્થીને ₹1.20 લાખની સહાય થકી ₹51.06 કરોડનો ખર્ચ કરી 11,692 લાભાર્થીઓને લાભ આપેલ છે.
- ''ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ લોન'' હેઠળ ₹15 લાખની લોન આપવામાં આવે છે. ₹40 કરોડનો ખર્ચ કરી 267 લાભાર્થીઓને લાભ આપેલ છે.
- ''ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય'' હેઠળ ₹10.05 કરોડનો ખર્ચ કરી 1,005 યુગલોને લાભ આપેલ છે.







## વર્ષ 2022–23 અનુસૂચિત જાતિના ઉજ્જવળ ભવિષ્ય માટે સંવેદનશીલ સરકારના કલ્યાણકારી નિર્ણયોઃ

### સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે ₹4,782 કરોડ ખર્ચાશે

- ધોરણ 1 થી 10 માં અભ્યાસ કરતા કુમાર અને કન્યાઓને વાર્ષિક શિષ્યવૃત્તિના દરમાં ક્રમિક ₹250નો વધારો તેમજ ગણવેશ સહાયમાં ₹300નો વધારો કરી ₹900 ચૂકવાશે.
- એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમો માટે વાર્ષિક ₹2,500 થી ₹13,500 સુધીની શિષ્યવૃત્તિ ઉપરાંત માન્ય શિક્ષણ ફી તથા નોન રિફન્ડેબલ ફી ચુકવવામાં આવે છે. કન્યાઓ માટે વાર્ષિક આવક મર્યાદા દૂર કરવામાં આવી.
- પીએચ.ડી. માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અપાતી સહાયમાં ₹70,000નો વધારો કરી પ્રતિ વિદ્યાર્થી માટે ₹1 લાખ કરવામાં આવી.
- ડિગ્રી એન્જિનિયરીંગ કોર્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સાધન સહાયમાં ₹3,000 વધારો કરી ₹8,000 કરવામાં આવી.
- ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળા અને છાત્રાલયોમાં વિદ્યાર્થીદીઠ માસિક સહાયમાં ₹660નો વધારો કરી માસિક ₹2,160 આપવામાં આવશે.
- ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં કામ કરતા ગૃહપતિ/ગૃહમાતા, મુખ્ય રસોઈયા, મદદનીશ રસોઈયા અને ચોકીદારના વેતનમાં ₹5,000 થી ₹10,000 સુધી વધારો કરવામાં આવેલ છે.
- પંચાયત વિસ્તાર, નગરપાલિકા વિસ્તાર અને મહાનગરપાલિકા વિસ્તારમાં ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં મકાન ભાડું વિદ્યાર્થીદીઠ હાલમાં ચૂકવવામાં આવે છે તેમાં બમણો વધારો કરવામાં આવેલ છે.
- ''ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના'' હેઠળ આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન આપવા માટે ચૂકવવામાં આવતી ₹1 લાખ ની સહાયમાં વધારો કરી ₹2.5 લાખ કરવામાં આવી.

વંચિતોની પ્રગતિનો નિર્ધાર
**રાજ્ય સરકારનો મક્કમ પ્રયાસ**





# પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી રૂ.૧૫૧.૦૪ કરોડના ખર્ચે સંપન્ન દાહોદ સ્માર્ટ સીટીના ICCC-IT પ્રોજેક્ટનું કરશે લોકાર્પણ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

આઈસીસીસી–આઈટી પ્રોજેક્ટ દાહોદ નગરને સ્માર્ટ સીટી તરીકે એક નવા સ્તરે લઈ જતો અને મહાનગરોમાં પણ ન જોવા મળતી અત્યાધુનિક સુવિધાઓ પ્રદાન કરતો એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. નગરને સુરક્ષિત તેમજ સુવ્યવસ્થિત કરતા ચોતરફ લાગેલા ૩૬૦ કેમેરાઓ, સ્માર્ટ ટ્રાફિક સિગ્નલ, ટેલીમેડીસીન થકી સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરોની ઓનલાઈન સેવાઓ, નગરમાં સ્વચ્છતાનું ઓનલાઈન મોનિટરિંગ, પ્રદૂષણ સામે લાલબત્તી ધરતા સ્માર્ટ પોલ, પબ્લિક એડ્રેસિંગ સિસ્ટમ, કટોકટીમાં ફસાયેલા નાગરિકો માટે સંકટમોચક બનતું ઈમરજન્સી કોલબોક્સ જેવી સુવિધાઓ આપતા રૂ. ૧૫૧.૦૪ કરોડના ખર્ચે સંપન્ન આ પ્રોજેક્ટનું પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તા. ૨૦ એપ્રીલે લોકાર્પણ કરશે.

આ પ્રોજેક્ટ થકી રાઉન્ડ ધ ક્લોક દાહોદ નગરમાં અદ્યતન કેમેરાની મદદથી ચાંપતી નજર રાખી શકાશે. જેથી કોઈ પણ કુદરતી આફતો કે આપત્તિના સમયે તુરત જ કાર્યવાહી કરી શકાય. આ ઉપરાંત પણ આ પ્રોજેક્ટ થકી ઘણા બધા લાભ નગરજનોને મળતા થશે તેની વિગતે વાત કરીએ.

જિલ્લા સેવા સદન ખાતે આ પ્રોજેક્ટ માટે જિલ્લાનું પ્રથમ ગ્રીન બિલ્ડીંગ ઊભું કરવામાં આવ્યું છે. અહીંની ઈન્ફોર્મેશન ટેકનોલોજીની અદ્યતન સુવિધાઓનો ઉપયોગ કરીને નગરને સુરક્ષિત તેમજ નવા જમાના પ્રમાણેની સુવિધાઓથી સજ્જ કરવામાં આવ્યું છે. આ બિલ્ડીંગ ખાતે રાઉન્ડ ધ ક્લોક વિડિયો કલોક દ્વારા નગરની તમામ સુવિધાઓ તેમજ વ્યવસ્થાઓનું સંચાલન કરવામાં આવશે. જેમ કે સીટી ઓપરેશન રૂમ, કોન્ફરન્સ રૂમ, વોર રૂમ તેમજ નગરનું અત્યાધુનિક કેમેરાઓથી નિરીક્ષણ અને આપત્તિ સમયે વ્યવસ્થાપન કરાશે. ઈમરજન્સી અને વોર રૂમ જેવી અદ્યતન સગવડથી નગરમાં ઉદભવેલી સમસ્યાઓનો તાબડતોબ ઉકેલ લાવી શકાશે. જયારે કુદરતી આફતો તેમજ મુશ્કેલીઓનો કુશળતાથી સામનો કરી શકાશે.

આઈસીસીસી આઈટી પ્રોજેક્ટની કેટલીક મહત્વની વાતો જાણીએ. આ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્ટિગ્રેટેડ કમાંડ એન્ડ કંટ્રોલ સેન્ટર એ આ સિસ્ટમના બધાં ક્ષેત્રના આઈટી ઉપકરણોનું ઈંન્ટિગ્રેશન માટે અને ઓપરેટ કરવા માટેનું પ્લેટફોર્મ છે. જયારે સીટી સર્વેલન્સ સિસ્ટમ થકી ૩૬૦ જેટલા કેમેરાની મદદથી આખા નગરને સુરક્ષિત રાખી શકાશે.

આ પ્રોજેક્ટમાં સ્માર્ટ ટ્રાફિક સિગ્નલનો ઉપયોગ કરાયો છે. જે ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન અને રેડલાઈટ ઉલ્લંઘન તપાસ કેમેરા એનઆઈ મદદથી નગરની આસપાસ ટ્રાફિકના સંચાલન માટે બનાવવામાં આવી છે. લાઈટ અને ટાઈમરવાળા ટ્રાફિક સિગ્નલ નગરના ટ્રાફિક નિયમન માટે અતિઉપયોગી સાબિત થશે.

ઈએમઆર અને ટેલિમેડિસિન સિસ્ટમ આ પ્રોજેક્ટનો મહત્વનો ભાગ છે. જેનાથી નગર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો દાહોદનાં સ્પેશ્યાલિસ્ટ તબીબોની ઓનલાઈન સેવા મેળવી શકશે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ થકી નગરમાં ડોર ટુ ડોર કચરાનું એકત્રીકરણ તેમજ રૂટ મેપીંગની મદદથી કામગીરીનું મોનીટરીગ કરાશે. જે નગરને સ્વચ્છ રાખવામાં કારગર સાબિત થશે. તેમજ નગરમાં આ પ્રોજેક્ટ અંતર્ગત ઠેર ઠેર સ્માર્ટ પોલ લગાડવામાં આવ્યા છે. જેનાથી હવાની ગુણવત્તા અને વાતાવરણ પર નજર રાખવા પર્યાવરણીય સેન્સર લગાડવામાં આવ્યા છે. મહત્વપૂર્ણ માહિતી પ્રદર્શિત કરવા માટેના મેસેજ ડિસ્પ્લે બોર્ડ લગાવવામાં આવ્યું છે. મહત્વપૂર્ણ ઘોષણાઓ તેમજ સંદેશાઓના પરિવહન માટે પબ્લિક એડ્રેસિંગ સિસ્ટમ ઉપયોગી નિવડશે. ઈમરજન્સી કોલ બોક્સ કટોકટીમાં ફસાયેલા નાગરિકો માટે સંકટમોચક બનશે. સામાન્ય નાગરિકોને વાઈ–ફાઈ દ્વારા ઈન્ટરનેટની સુવિધા પણ પૂરી પાડી શકાશે.

# દે.બારીયા તાલુકાની સસ્તા અનાજની દુકાનો ઉપર ઘઉં, ચોખાના સાથે ખાંડ મળે તેવી ગોઠવણ જરૂરી છે

દે.બારીયા,

દે.બારીયા તાલુકાની દીનદયાળ ઉપાદયાય સસ્તા અનાજની દુકાનો ઉપર ઘઉં અને ચોખાની સાથે કઠોડ અને ખાસ કરીને ખાંડનો જથ્થો ગરીબ કુટુંબોને મળી રહે તેવી તજવીજ હાથ ધરાય. બે કિલો ખાંડ કુટુંબ દીઠ મળવા પાત્ર છે. તે ખાંડનો જથ્થો જાણી સમજીને લેટ દુકાનો ઉપર પહોંચતો કરવામાં આવે તે જીલ્લાના પુરવઠા અધિકારીને જાણ બહાર છે કે પછી મેળાપીપણી તાલુકા તેમજ કોન્ટ્રાકટર જે જથ્થો પહોંચતો કરે છે. તે બધાની લીંક સાથે ડીલ પણ થઈ ગઈ છે કે શું તેની તપાસ કોણ કરે આ તપાસ રાજ્યના પુરવઠા સચિવ કરે તો ખરૂ તેવી ગરીબોની માંગ છે.

મળતી માહિતી અનુસાર દે.બારીયા શહેર તથા ગ્રામ્યમાં સસ્તા અનાજની દુકાનો ઉપર ઘઉં, ચોખા સાથે ખાંડનો જથ્થો પહોંચતો થાય તેવા ગરીબ કુટુંબોની માંગ ઉઠવા પામી છે. ખાંડનો જથ્થો અનાજના જથ્થા સાથે પહોંચતો કરવામાં આવે તેવી અગાઉથી ખાંડનો જથ્થાનું આયોજન કરવામાં આવશે ? જાણી સમજીને ખાંડ લેટ થાય અને તમામ ખાંડનો જથ્થો સગેવગે થઈ ગયા બાદ બધાનો ભાગ બટાઉ થઈ શકે આના માટે કોણ જવાબદાર છે ? તેની તટસ્થ તપાસ ખુદ પુરવઠા સચિવ કરે તેવી ગરીબ કુટુંબોની માંગ ઉઠવા પામી છે કેમ કે આમાં તો તાલુકા થી લઈ જીલ્લા લેવલ સુધી મેળાપીપણી થઈ હોય છે તેવું આમ, ગરીબો અને આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. હવે કયારે ખાંડનો જથ્થો અનાજના જથ્થા સાથે મળશે તે તો આવનારો સમય બતાવશે.

# ઝાલોદ તાલુકાના વરોડ ટોલનાકા પર પાણી તેમજ શૌચાલયની સુવિધાનો અભાવ : જાગૃત નાગરિકે ટોલ ઓથોરિટી સામે સવાલો ઉભા કર્યા




ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાંથી પસાર થતા નેશનલ હાઈવે પર આવેલા ટોલનાકા પર પીવાના પાણીની તેમજ સૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળતા એક જાગૃત નાગરિક દ્વારા આ મામલે રજુઆત કરવામાં આવી છે.

ઝાલોદ તાલુકાના વરોડ ટોલનાકા પર પાણી તેમજ શૌચાલયની સુવિધાના નામે મીંડું જોવા મળતા ઝાલોદ તાલુકાના મહુડી ગામના રહેવાસી અને શિક્ષક ડામોર હિતેશકુમાર છગનભાઈ નાઓએ લેખિતમાં લખીને જણાવ્યું હતું કે, ઝાલોદ તાલુકાના વરોડ ટોલનાકા ઉપર સરકારના ધારા ધોરણ મુજબ ટોલનાકા પર પીવાના પાણીની સુવિધા શૌચાલય જેવી સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે. જેને લઈને શિક્ષક દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટીની કામગીરી સામે સવાલો ઉભા કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ઠેર–ઠેર શૌચાલયોની સુવિધાઓ ઉભી કરવા માટે ભારત સરકાર તેમજ વડાપ્રધાન મોદી દ્વારા જાહેરાતો કરવામાં આવી રહી છે. તેમજ પીવાના પાણીની સુવિધા માટે કરોડો રૂપિયાનો આંધણ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ટોલબુથ પર આવતા જતા વાહન ચાલકો પાસેથી લાખો રૂપિયાની ટોલની ઉઘરાની કરતી નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા સંચાલિત વરોડ ટોલનાકા પર પીવાના પાણી અને સૌચાલય સુવિધાઓ પુરી પાડવામાં વામણી પુરવાર થઈ છે. ત્યારે સ્લગ્ન વિભાગ તેમજ સ્થાનિક તંત્ર દ્વારા ટોલ ઓથોરિટી ને નોટિસ ફટકારી પ્રાથમિક સુવિધા પુરી પાડવા અંગે હુકમ કરવો જોઈએ ત્યારે આ મામલે સલગ્ન તંત્ર દ્વારા શિક્ષકની રજૂઆતના પગલે કેવા પ્રકારના પગલાંઓ લેવાય છે તે જોવું રહ્યું.

# રમઝાન મેં નેકીયા હી નેકીયા

૧. રમઝાન મેં ૧ રકાત કા સવાલ ૨ લાખ રકાત નમાજ અદા કરને કે બરાબર હૈ.
૨. હર સજદે કે બદલે ૧૭૦૦ નેકી.
૩. રમઝાન કી હર રાત મેં ૨ રકાત જીસમે સૂરએ ફાતેહા કે બાદ ૩ બાર સૂરએ ઈખ્લાસ પલ હે તો ૭૦ લાખ ફરીશ્તે ઉસકી નેકીયા જમા કરેંગે બુરાઈ દુર કરેંગે જન્નત મેં ઉસકે લિયે શહર, મહલ, બગીચે બનાએગેં, હર રાત કે બદલે મકબુલ હજ કા સવાબ મિલેગા.
૪. રમઝાન કે હર દિન ૪ રકાત જિસ્મે સૂરએ ફાતેહા કે બાદ સૂરએ ઈખ્લાસ ૩ બાર ઔર રમઝાન મે હર જુમ્આ કો ૧૦ રકાત જિસમે સૂરએ ફાતે હા કે બાદ સૂરએ ઈખ્લાસ. ૧૧ બાર પરહે તો ૧૦ હજાર શહીદો કે બરાબર, ૭૦૦ સાલ રોઝે રખને ઔર રાતથ મેં નમાઝ પઢને વાલોં કે બરાબર સવાલ મિલેગા.
૫. ૧ બાર સુબ્હા નલ્લાહ કેહનેસે ૧૨ લાખ સુબ્હાનલ્લાહ કહેને કે બરાબર ઔર ૧ લાખ દુરૂદ શરીફ પબહને સે ૧૦ લાખ દુરૂદ શરીફ કા સવાબ મિલેગા.
૬. ઈસ માહ મેં દીની મજલીશમેં જાને સે હર કદમ કે બદલે ૧ સાલ કી ઈબાદત કા સવાલ ઔર હરરમે અર્શકા સાયા મિલેગા (ઈન્શાહ અલ્લા)
(બ હવાલા તોહ–ફ–એ રમઝાન શરીફ પાન– ૫૯,૬૦)

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

**પંચમહાલ આવૃત્તિ**

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

**પંચમહાલ સમાચાર**

## ઝારખંડના દેવઘરમાં રોપ-વે દુર્ઘટનાને જોતાં

# પાવાગઢ યાત્રાધામ ખાતે કાર્યરત રોપ-વે સંચાલક કંપની દ્વારા યાત્રાળુઓની સુરક્ષા અને સુવિધા સુચકતા હોવાની ખાત્રી આપી

ગોધરા, ઝારખંડના દેવઘરમાં થયેલ રોપ-વે દુર્ઘટના બાદ કેન્દ્ર સરકાર દ્વારા રોપ-વે સંચાલન કરતી તમામ કંપનીઓ પાસે રિપોર્ટ માંગવામાં આવ્યો છે. પંચમહાલના યાત્રાધામ પાવાગઢ ખાતે જવા ઉષા બ્રેકો નામની કંપની દ્વારા રોપ-વેનું સંચાલન કરવામાં આવે છે. પાવાગઢ ખાતે આવેલ રોપ-વેમાં રોજીંદા હજારો યાત્રાળુઓ મુસાફરી કરી ડુંગર પર પહોંચી મહાકાળી માતાજીના દર્શન કરે છે. પાવાગઢ યાત્રાધામ ખાતે રોપ-વેનું સંચાલન કરતી ઉષા બ્રેકો કંપની દ્વારા રોપ-વેનું દરરોજ સવારે ચેકીંગ કરાતું હોવાની તેમજ યાત્રાળુઓની સુરક્ષાનું પુરતું ધ્યાન આપતું હોવાનું કહેવામાં આવ્યું.

પાવાગઢ યાત્રાધામના ડુંગર ઉપર ૫૧ શકિત પીઠો પૈકીનું શકિતપીઠ હોય ડુંગર ઉપર બિરાજમાન માતાજીના દર્શન માટે મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવતા હોય છે. પાવાગઢ માંચી થી ડુંગર સુધી જવા માટે કેટલાક વર્ષો પહેલા ઉષા બ્રેકો કંપની દ્વારા રોપ-વેની શરૂઆત કરવામાં આવી હતી. જેને લઈ ડુંગરની સીધી ચઢાઈ ચઢી



તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

નહી શકતા યાત્રાળુઓને સરળતાથી નિજ મંદિર નજીક લઈ જઈ શકાય છે. પાવાગઢ યાત્રાધામ ખાતે ઉષા બ્રેક દ્વારા સંચાલિક રોપ-વે સેવામાં હાલમાં અંદાજીત ૩૨ જેટલી ટોલી સાથે રોજીંદા ત્રણ થી છ હજાર જેટલા યાત્રાળુઓ ઉડણ ખટોલા થી પ્રયાસ કરે છે. હાલમાં ઝારખંડના દેવઘરમાં રોપ-વે દુર્ઘટના બાદ મીડીયા દ્વારા પાવાગઢ માંચી ખાતે રોપ-વેની સ્થિતી અને સુરક્ષા બાબતની તપાસ કરવામાં આવી હતી. પાવાગઢ ખાતે ઉષા બ્રેકો કંપની દ્વારા સંચાલિત રોપ-વેની અનુભવી સ્ટાફ દ્વારા કાળાજી રાખવામાં આવે છે. રોપ-વેના મેન્ટેનન્સ માટે અલગ-અલગ તબકકા પ્રમાણે શિડયુલ પહેલે થી નકકી કરવામાં આવ્યા છે. તે મજુબ દરરોજ સવારે- સાંજે, ચાર

- પાવાગઢ રોપ-વે સંચાલન કરતી ઉષા બ્રેકો દ્વારા નિયમિત રોપ-વે ચાલુ કરતા પહેલા ચેકીંગ કરાય છે.
- આકસ્મિક ઘટના માટે ત્રણ ઓટોમેટીક રેસ્કયુ સીસ્ટમ તૈનાત રખાયેલ છે.

દિવસે, સપ્તાહે, પંદર દિવસે તેમજ માસીક અને એન્યુઅલ રોપ-વેનું મેન્ટેનન્સ કરવામાં આવે છે. દરરોજ સવારે રોપ-વે (ઉડન ખટોલા)માં મુસાફરો બેસાડતા પહેલા ૧૦ મીનીટ રોપ-વે ચલાવીને ચેક કરવામાં આવે છે. વિજળી ન હોય તો ડી.જી.સેટની વૈકલ્પિક વ્યવસ્થા રાખવામાં આવી છે. સાથે કોઈ આકસ્મિક ઘટના બને તો ત્રણ જેટલી ઓટોમેટીક રેસ્કયુ સિસ્ટમ તૈનાત રાખવામાં આવી છે. પાવાગઢ યાત્રાધામ ખાતે રોપ-વેનું સંચાલન કરતી ઉષા બ્રેકો કંપનીના અધિકારીઓ રોપ-વે માં મુસાફરી કરતાં મુસાફરોની જીંદગી જોખમાય નહી તેવી તમામ સુરક્ષા અંગે સજાગતા રાખવામાં આવેલ છે. કોઈ ઈમરજન્સી ઘટનામાં રોપ-વે માં અદ્ધર રહેલા મુસાફરોને કોઈપણ સંજોગો માં હોય તેને તેમને સુરક્ષીત નીચે ઉતારી શકાય તે પ્રકારની વ્યવસ્થા કરાયેલ છે.

## દાહોદ સર્વે નં.૮૭૮ પૈકી ૩ વાળી નવી શરતની પ્રિમયમ પાત્ર હોવા છતાં

# ૨૦૧૭નો ઓર્ડર મુકી ખોટા દસ્તાવેજ ઉભા કરી પ્રિમયમ ભર્યા વગર ભુમાફિયા દ્વારા જમીન NA કરાવાઈ

ગોધરા, દાહોદના રે.સ.નં.૮૭૮/ પૈકી ૩ માં જે જમીન નવી શરતની પ્રિમયમ પાત્ર આવેલ હતી. જે જમીન સરકારશ્રી પ્રિમયમની ચોરી કરી કરાવી સરકારી અધિકારીઓને લાંચરુશ્વત લઈ સરકાર સાથે તથા રેવન્યુ રેકર્ડ જોયા વગર આ દાહોદના ઝુઝર સૈફુદ્દીનભાઈ રાણા પુરવાળા એ સરકારી બાબુ સાથે મેળાપીપણા મળી જઈ દાહોદ તથા ગ્રામ્ય વિભાગની મિલ્કતોમાં ખુબજ મોટા પ્રમાણમાં આ ભુમાફીયા એ ખુબ જ મોટા પ્રમાણમાં જમીનો નામી અનામી વસાવેલ છે. જે હાલ દાહોદ ગામ દેલસર રોડ પર આવેલી છે. સદર જમીન રે.સ.નં.૮૭૮ પૈકીનો એ.હે.આ.ચો.મી.૧-૪૧-૬૪ આવેલ છે. તેમજ છતાં સરકારશ્રી કાયદા પ્રમાણે કોઈપણ આવી ગેરરીતિઓ ધ્યાન જીલ્લા કલેકટર સામે આવે તો ૫૦ વર્ષ થયા હોય તો પ્રિમયમ લેવાની જોગવાઈ કરેલ છે. તેમ છતાં આ બાબતે જીલ્લા કલેકટર દાહોદના મહેસુલ વિભાગના કર્મચારીઓ અધિકારીઓ એક જાગૃત નાગરિક દ્વારા દાહોદના તમામ રેવન્યુ અધિકારીઓને તેમજ સી.બી.આઈ. દિલ્હી સમક્ષ પણ રજુઆતો કરવામાં આવેલ છે. તેમ છતાં આ મુદ્દો ગુજરાત સરકાર મહેસુલ મંત્રી સુધીના પહોંચે જેથી આ ભુમાફિયા ઝુઝર સૈફુદ્દીનભાઈ રાણાપુરવાળા સામે જરૂરી જીલ્લા કલેકટર દાહોદ તત્કાલીક પ્રિમયમ વસુલાતની નોટીસ કાઢી કઢાવી તેમજ શ્રી સરકારની ચોરી કરી કરાવનાર કર્મચારીઓ અધિકારીઓ સામે યોગ્ય ૧૯૭૧ના સિરાભંગના પગલાં ભરે અને આવા અનેક દાહોદ જીલ્લાના તમામ ભુમાફિયાઓ સામે તપાસ થાય તેવી માંગ ઉઠવા પામી છે.

દાહોદના મોટા પ્રમાણમાં આદિવાસીઓની જમીનોની ૭૩ એ.એ.વાળી નોંધ ૧૩૦૭૬ માં પણ દાહોદ ભુમાફિયાઓએ જીલ્લા કલેકટરશ્રીની પરમીશન વગર પણે પણ ખૂબ જ ગેરરીતિઓ કરી કરાવી આદિવાસીઓ અભણ, ગરીબોની જમીનો કોઈપણ સરકારની જોગવાઈઓ વિરૂદ્ધ ગેરકાયદેસર ભુમાફિયાના નામે કરી નાખેલ છે. જે પણ આ બાબતની ગાંધીનગર સુધી રજુઆતો કરવામાં આવેલ છે. જે અંગે નોંધ નંબરની પુરેપુરી ચકાસણી કરી યોગ્ય કાર્યવાહી અર્થે ગાંધીનગર તરફ મહેસુલ વિભાગને પહોંચાડવાની રજુઆતો ઉઠવા પામી છે.

## ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપર આવેલ પોપટપુરા ગામે

# શ્રી ગણેશ મંદિરની સામેની નોનવેજ હોટલો બંધ કરાવવા અખિલ ભારત હિન્દુ મહાસભા ગુજરાત પ્રદેશ પ્રભારી દ્વારા કલેક્ટરને રજુઆત

ગોધરા, ગોધરા થી વડોદરા જવાના હાઈવે માર્ગ ઉપર હિન્દુ ધર્મના ધાર્મિક મંદીરોની સામે નોનવેજનું વેચાણ કરતા હોટલો સામે આક્રોશ વ્યક્ત કરતા અખિલ ભારતીય હિન્દુ મહાસભા ગુજરાત પ્રદેશ પ્રભારી આશિષભાઈ પટેલ દ્વારા ગોધરા કલેકટર કચેરીએ આવેદનપત્ર આપવામાં આવ્યું.ગોધરા વડોદરા રોડ ઉપર પોપટપુરા ગામની બાજુએ શ્રી ગણેશ મંદિર આવેલ છે. આ મંદિરે ગણેશ ચોથ સહીત દિવસોમાં હિન્દુ ધર્મના લોકો શ્રી ગણેશ ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભતા હોય છે. પરંતુ ભગવાન શ્રી ગણેશ મંદિરની સામે જ નોનવેજ બનાવાતું હોવાથી તાત્કાલિક ધોરણે બંધ કરવાની લેખીત રજૂઆત અખિલ ભારતીય હિન્દુ મહાસભાના પ્રભારી આશીષ ભાઈ પટેલ દ્વારા કલેક્ટર કચેરીએ રજૂઆત કરાઈ છે. પોપટપુરા ગામમાં શ્રી ગણેશ મંદિર આવેલુ છે. જેની આસ્થા હિન્દુ ધર્મના લોકોમાં ખુબ જ છે. તેમજ ગોધરા સહીત પંચમહાલ જીલ્લા મોટાભાગના લોકો ચોથ ભરવા માટે ત્યાં આવે છે. પરંતુ આ મંદિરની સામે શાલીમાર હોટલ વેજ હતી. તેને મુસ્લિમ બીરાદરો દ્વારા નોનવેજમાં ફેરવવામાં આવી છે. તો હિન્દુ મંદિરોની સામે નોનવેજ હોટલ ખોલવાની પરમિશન કેવી રીતે અપાય? જેને તાત્કાલિક ધોરણે હોટલનું લાઈસન્સ કેન્સલ કરી બંધ કરવામાં આવે તેવી માંગ સાથે રજૂઆત દર્શાવી હતી. આ નોનવેજ હોટલોના કારણે હિન્દુ ધર્મની લાગણી દુભાવી છે. જેના કારણે તાત્કાલિક પગલા લેવામાં આવે તેવી અખિલ ભારત હિન્દુ મહાસભા ગુજરાત પ્રદેશ ગુજરાત પ્રદેશ પ્રભારી આશિષભાઈ પટેલ દ્વારા ગોધરા કલેક્ટર કચેરીએ આવેદનપત્ર આપી રજૂઆત કરાઈ.

## ગુજરાત સરકાર માર્ગ અને મકાન પંચાયત વિભાગ

# ગોધરા તથા પાનમ યોજના વિભાગ શહેરાના શ્રમયોગીઓને પેન્શન ગ્રેજ્યુટી તથા અન્ય લાભો આપવા હાઈકોર્ટ દ્વારા આદેશ

ગોધરા, ગુજરાત સરકાર દ્વારા ચાલતા માર્ગ અને મકાન વિભાગ પંચાયતની ગોધરા ખાતેની કચેરીમાં રોજમદાર તરીકે ૭/૧૧/૭૯ થી ફરજ બજાવતા રણછોડભાઈ અમરાભાઈ પરમાર ને તારીખ ૩૧/૮/૦૭ તથા પાનમ યોજના ગોધરાના તાબા હેઠળની શહેરા મુકામે આવેલ કચેરીમાં તારીખ ૧/૪/૮૧ રોજમદાર મજૂર તરીકે ફરજ બજાવતા ભુરાભાઈ અમરાભાઈ બારીયાને તારીખ ૩૦/૪/૦૭ સરકારના નિયત કરેલ સમયગાળા દરમિયાન નિવૃત કરવામાં આવેલ નિવૃત્તિ સમયે તેઓને મળવાપાત્ર પેન્શન યોજના અંગેના કોઈ લાભ આપવામાં આવેલ ન હતા. આ અરસા દરમિયાન રણછોડભાઈ પરમારનું તારીખ ૩૦/૧૦/૦૮ ના રોજ અવસાન થયેલ જેને લઈ ગુજરનારના વારસ પુત્રી મંગુબેન પાનમ યોજના વિભાગમાં નોકરી કરતાં તેમના સ્વ.પિતા તથા માર્ગ અને મકાનના કામદાર ભુરાભાઈ બારીયાએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ અંબાલાલ એસ.ભોઈના દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એડવોકેટ દીપક આર. દવે મારફતે સ્પેશિયલ એપ્લિકેશન નંબર ૨૪૮૧/૨૨ તથા ૨૪૬૭/૨૨ દાખલ કરેલ જે વિવાદ નામદાર અદાલત સમક્ષ ચાલી જતાં અરજદાર વિવાદમાં પડેલા પુરાવા આધારિત ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ બીરેન વૈષ્ણવે તારીખ ૮/૪/૨૨ ના રોજ આદેશ કરતા બંને કામદારોને રોજમદાર તરીકે સળંગ નોકરી ગણી નિવૃત્તિની તારીખ થી પૂરેપૂરૂં પેન્શન પેન્શન તફાવત ગ્રેજ્યુટી તથા મળવા પાત્ર તમામ લાભો ચૂકવી આપવાનો આખરી આદેશ કરેલ છે. તદુપરાંત હાલ નામદાર સુપ્રિમકોર્ટ સમક્ષ ૩૦૦ રજા માટે પડતર વિવાદ જે તે આખરી નિર્ણય આવે થી પક્ષકારો વચ્ચે તેનો અમલ કરવામાં આવશે. આ આખરી આદેશ થી કામદાર તથા તેમના પરિવારમાં આનંદ છવાયો છે.

# શહેરા પોલીસ દ્વારા હિન્દુ- મુસ્લીમ સમાજના આગેવાન સાથે શાંતિ સમિતિની મીટીંગ યોજી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, હિંમતનગર અને ખંભાતના બનેલા બનાવ સંદર્ભે શહેરા પોલીસ મથક ખાતે હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનોની શાંતિ સમિતિની બેઠક બોલાવવામાં આવી. રવિવારના રોજ હિંમતનગર અને ખંભાતમાં રામનવમી નિમિત્તે શોભાયાત્રા નિકળી તે શોભાયાત્રા દરમિયાન પથ્થરમારો થતાં માહોલ ગરમાયો હતો. જેને લઈને હિંમતનગર અને ખંભાત ખાતે વાતાવરણ તંગ બન્યું હતું. ત્યારે હિંમતનગર અને ખંભાતની જેમ અન્ય જગ્યાએ વાતાવરણ તંગ ન બને તે માટે પોલીસ દ્વારા સાવચેતીના પગલાં લેવામાં આવ્યા હતા. ત્યારે હિંમતનગર અને ખંભાત ખાતે બનેલા સંદર્ભે પંચમહાલ જિલ્લાના શહેરા પોલીસ મથકે હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનોની શાંતિ સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠક ગોધરા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક સી.સી.ખટાણાની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં નાયબ પોલીસ અધિક્ષક ખટાણા અને શહેરા પી.આઈ. આર.કે.રાજપૂત દ્વારા હિન્દૂ-મુસ્લિમ સમાજના આગેવાનો સાથે કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં સિંધી સમાજના રૂપચંદ સેવકાણી, વાસુદેવ ખુશલાણી, પ્રદિપ પદવાણી, ઘાંચી સમાજના પ્રમુખ ઈકબાલ પોચા, ઉપપ્રમુખ જુનેદ લડબડ, કસ્બા સમાજના પ્રમુખ આમીનખા અન્સારી, અજીત શેખ, આમીન શેખ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# નદીસર ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન

નદીસર, ગોધરા તાલુકાના નદીસર ગામે જાણીતા સુંદરકાંડ પાઠના વકતા ગુરૂજી અશ્વિન પાઠકના સ્વમુખે સુંદર કાંડ પાઠનું આયોજન ૧૪ એપ્રિલ અને ગુરૂવારના રાખવામાં આવેલ છે. નદીસર વાડી મહોલ્લામાં અશ્વિન પટેલના ઘર પાસે રાત્રે ૮ વાગ્યા થી સંગીતમય સુંદર કાંડના પાઠનું આયોજન હોય આસપાસના ભાવિકો એ સુંદર કાંડ પાઠમાં ભાગ લેવા આયોજકો તરફ થી આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ગોધરા તાલુકાના ઓરવાડા પ્રા.શાળાને ૧૦૦ વર્ષ પુરા થતાં શતાબ્દી મહોત્સવ યોજાયો




ગોધરા, ગોધરા તાલુકાની ઓરવાડા પ્રાથમિક શાળાને ૧૦૦વર્ષ પુર્ણ થતા યોજાયો. શતાબ્દી મહોત્સવ, શતાબ્દી મહોત્સવ નિમિતે યોજાયેલ કાર્યક્રમમાં પંચમહાલના સાસંદ રતનસિંહ, ધારાસભ્ય સી.કે. રાઉલજી તેમજ અનેક અગ્રણીઓએ આપી હાજરી, કાર્યક્રમની સાથે સાથે ગામની ગ્રામપંચાયત અને આંગણવાડીના મકાનનું પણ ખાત મહુર્ત કરવામાંઆવ્યું ધારાસભ્ય સી.કે રાઉલજી એ ૧૦૦વર્ષ જુના શાળાના મકાનની મજબૂતી જોતા હજુ ૫૦વર્ષ મકાન અડીખમ રહેશે એમ કહી એને યથાવત રાખવા સૂચના આપી અને નમૂના સ્વરૂપ આ મકાન સાચવવા જણાવ્યું.

# રાયસિંગપુરા પ્રાથમિક શાળા ખાતે યોજાયો ધોરણ ૮નાં વિદ્યાર્થીઓનો વિદાય તથા વાર્ષિક ઉત્સવ સમારંભ



ગોધરા, ગોધરા તાલુકાના રાયસિંગપુરા પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં જ ધોરણ ૮નાં વિદ્યાર્થીઓનો વિદાય તથા વાર્ષિક ઉત્સવ સમારંભ યોજાઈ ગયો. કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ત્યારબાદ બાલિકાઓ દ્વારા પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં શાળાના બાળકોએ રાસ, એકપાત્ર અભિનય, ગરબો, નાટક, લોકનૃત્ય જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતા. વિદાય લઈ રહેલ ધોરણ ૮ના વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. આ પ્રસંગે આશીર્વચન આપતા શાળાના શિક્ષક મહેન્દ્ર પરમારે ધોરણ-૮ ના વિદ્યાર્થીઓને આગળ ભણી જીવનમાં ખૂબ સારી સફળતા મેળવવા માટે શાળા પરિવાર વતી અનુરોધ કર્યો હતો. ચાલુ સાલે શાળા માંથી વિવિધ સ્પર્ધામાં ભાગ લીધેલ તેમજ કરાટે કાર્યક્રમમાં જોડાયેલ ૬ થી ૮ ની બાલિકાઓને પ્રમાણપત્ર વિતરણ કરી તેમનું બહુમાન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષક ચંદુભાઈ તાવિયાડ, જતીનભાઈ પાઠક, ધર્મિષ્ઠાબેન મહિડા સહિત ગામનાં અગ્રગણ્ય લોકો એસ એમ સી તથા જયદીપ રાઠોડ વગેરે એ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના આચાર્ય દિગેશભાઈ દરજીએ બાળકોને પોતાનો શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. કાર્યક્રમનું સંકલન અને રજૂઆત શાળાના ઈનોવેટીવ શિક્ષક મહેન્દ્રકુમાર ડી. પરમાર એ કરી હતી. કાર્યક્રમ સંચાલન શાળાના પૂર્વ વિદ્યાર્થી યોગેશકુમાર ડી. રાઠોડે કર્યુ હતું.




કાંકણપુર કોલેજના ભૂતપૂર્વ પ્રિન્સીપાલ કવિ સંગીતકાર, ગાયક રિષભ મહેતાનો અભિવાદન ગ્રંથ લોકાર્પણ સમારોહ તા.૧૬-૦૪-૨૦૨૨ના શનિવારે સાંજે ૬ કલાકે હનુમાન જયંતિ યોગ મંદિર જયંતિભાઈ લુવાણા ફાર્મ, ચંદન બાગ પાર્ટી પ્લોટની જમણી બાજુની ગલી ખાતે યોજાનાર છે. અભિવાદન ગ્રંથનું લો કાર્પણ કરશે પદ્મશ્રી ડૉ. પ્રવિણ દરજી તથા અન્ય લેખકો ગ્રંથમાં ૮૦ લેખકોએ સાહિત્યકારો, સંગીતકારો, સ્વજનો સાંઈભકતો પોતાના લેખ તૈયાર કર્યા છે. વાગ્ગેકાર રિષભ મહેતાના બે પુસ્તકો નામે " મૌકિતકળ" (મુકત સંગ્રહ) અને " નૂરાની રૂહે ગઝલ"નું (ઉર્દૂ ગઝલ સંગ્રહ) પણ લોકાર્પણ થશે. " મૌકિતકળ"નું લોકાર્પણ કરશે જાણીતા સંચાલક કવિ અંકિત ત્રિવેદી તથા " નૂરાની રૂહે ગઝલ "નું લોકાર્પણ કરશે ડૉ. જયેન્દ્ર શેખડીવાળા (જાણીતા કવિ, સાહિત્યકાર) અને ડૉ. સતીન દેસાઈ રસ ધરાવનાર સહુ આવકાર્ય છે.

# કાલોલ અડાદરા ખાતે શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજયુકેશન ટ્રસ્ટની રજય જયંતિની ઉજવણી કરાઈ

કાલોલ, કાલોલ તાલુકાના અડાદરા ખાતે શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજયુકેશન ટ્રસ્ટની રજત જયંતિની ઉજવણી આદિજાતિ આશ્રમશાળા અડાદરા ખાતે ઉજવણી કરવામાં આવી.

શ્રી પંચમહાલ અનુસૂચિતજાતિ એજયુકેશન ટ્રસ્ટની સ્થાપના ૧૯૯૫માં કરવામાં આવી હતી અને એજયુકેશન ટ્રસ્ટની રજત જયંતિનું ઉજવણી આદિજાતિ આશ્રમશાળા અડાદરા ખાતે ૧૦ એપ્રિલના રોજ કરાઈ. આ રજત




જયંતિ કાર્યક્રમમાં રાજ્યના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી પ્રદિપભાઈ પરમાર હાજર રહ્યા હતા. મંત્રીના વરદ હસ્તે ડૉ. ભીમરાવ આંબેડકરની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું અને ડૉ. આંબેડકરના મુલ્યોનું આત્મસારત કરવાનું આહ્વાન કરાયું હતું. આ પ્રસંગે મહા મંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. મહંતશ્રી શંભુપ્રસાદ ઝાંઝરકા ગાદી, પ.પૂ.માર્ગસ્મિમ સ્વામી, કબીર સંપ્રદાય, ભૂતપૂર્વ શિક્ષણ મંત્રી કરશનદાસ સોનેરી, પૂર્વ સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ, ધારાસભ્ય સુમનબેન ચૌહાણ સહિત વિવિધ સમજના આગેવાનો હાજર રહ્યા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.196